| દાખલ તારીખ | ૦૭–૧૦–૨૦૨૫ |
| --- | --- |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૭–૧૦–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૦૩–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૫ ૨૭ |

**મે. કુતિયાણાના જયુડી.મેજી. ફર્સ્ટ કલાસ સાહેબશ્રી ની અદાલતમાં, મું.કુતિયાણા.**

**ફોજદારી કેસ નંબર : ૬૮૪/૨૦૨૫**

**આંક–**

**ફરીયાદી** : શ્રી સરકાર...

**વિ રૂ ધ્ધ**

**આરોપી** : મુકેશ અજુભાઈ ગોહેલ
ઉ.વ.૧૯,
રહે.કુતિયાણા , કાનાકુવા,તા.કુતિયાણા,જી.પોરબંદર

| | | |
| --- | --- | --- |
| ગુનો | : | **બી.એન.એસ.એકટની કલમ–૨૮૧ તથા એમ.વી. એકટની કલમ–૧૮૧ મુજબ...** |

---

ફરીયાદપક્ષ........તરફે : વિ.એ.પી.પી.શ્રી જે.કે.પંડયા.
આરોપીપક્ષ.......તરફે : વિ. વકીલ શ્રી ડી.કે.સોંદરવા.

---

**||| ઠ રા વ |||**

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ગઈ તા.૦૨/૧૦/૨૦૨૫ ના કલાક ૧૯:૦૫ વાગ્યાના અરસામાં કુતિયાણા બાયપાસ સરકારી ગોડાઉન પાસે નેશનલ હાઈવે રોડ પર આવતા સામેથી રોડ પર આ કામના આરોપીએ પોતાના કબ્જા હવાલાવાળી હીરો કંપનીનુ સ્પ્લેન્ડર પ્લસ જેના રજી.નં.GJ-25-M-6159 વાળુ સરીયામ બેકાળજીથી પુરઝડપે અને માનવજીંદગી જોખમાય તે રીતે જાહેર રોડ ઉપર ડ્રાઈવીંગ લાયસન્સ વગર ચલાવી મળી આવતા પકડાઈ જઈ ગુનો કરેલ. જે ગુનાની ફરીયાદ આ કામનાં ફરીયાદીએ કુતિયાણા પોલીસ સ્ટેશનમાં આપતા સદર ફરીયાદ રજીસ્ટરે લઈ આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.એકટની કલમ–૨૮૧ તથા એમ.વી. એકટની કલમ–૧૮૧ મુજબનો ગુનો

દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે સદર ગુનાની તપાસ હાથ ધરેલ અને તે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપીને અત્રેની કોર્ટ દ્વારા સમન્સની બજવણી કરવામાં આવેલ. જે સમન્સ બજી જતાં આરોપી હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપીની **આંક–૦૪** થી પ્લી લેતાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ હોય, જેથી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**–: મૌખિક પુરાવો :–**

| **અનુ.નં.** | **આંક** | **સાહેદનું નામ** | **વિગત** |
|---|---|---|---|
| (૧) | ૦૮ | આનંદભાઈ ખીમાભાઈ સોંદરવા | પંચસાહેદ |
| (૨) | ૧૦ | પારસભાઈ હેંમતભાઈ પરમાર | પંચસાહેદ |
| (૩) | ૧૧ | મહેશભાઈ મેરામણ ભાઈ મુસાર | ફરીયાદી |
| (૪) | ૧૩ | દીલીપસીંહ હેમંતસીંહ જાડેજા | ત.ક.અધિકારી |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| **અનુ.નં.** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| (૧) | ૦૯ | અટક કર્યા અંગેનુ પંચનામુ |
| (૨) | ૧૨ | અસલ ફરીયાદ |
| (૩) | ૧૪ | સેકશન ૬૩(૪) સી મુજબનું સર્ટીફીકેટ |

(૪) આ કામમાં ફરીયાદપક્ષે ઉપરોકત પુરાવા સિવાય બીજો કોઈ પુરાવો રજુ થયેલ નથી અને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરેલ છે. ત્યારબાદ રજુ થયેલ પુરાવો જોતાં, બી.એન.એસ.એસ. એકટની કલમ–૩૫૧ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય, આરોપીનું વિશેષ નિવેદન

લેવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત કેસની હકીકત મુજબ અત્રેની અદાલત સમક્ષ ન્યાયિક નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ ::-**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તા.૦૨/૧૦/૨૦૨૫ ના કલાક ૧૯:૦૫ વાગ્યાના અરસામાં કુતિયાણા બાયપાસ સરકારી ગોડાઉન પાસે નેશનલ હાઈવે રોડ પર આવતા સામેથી રોડ પર આ કામના આરોપીએ પોતાના કબ્જા હવાલાવાળી હીરો કંપનીનુ સ્પ્લેન્ડર પ્લસ જેના રજી.નં.GJ-25-M-6159 વાળુ સરીયામ બેકાળજીથી પુરઝડપે અને માનવજીંદગી જોખમાય તે રીતે જાહેર રોડ ઉપર ડ્રાઈવીંગ લાયસન્સ વગર ચલાવી મળી આવતા પકડાઈ જઈ સજાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| (૨) | શુ હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નંબર :૧:**

સદર કામે ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે કુલ-૪ જેટલા સાહેદો તપાસવામાં આવેલા છે. તેમજ કુલ-૩ જેટલા દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે. જેમાં પંચસાહેદોનો પુરાવો, ફરીયાદી તથા તપાસ કરનાર અધિકારીનો પુરાવો વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ ફરીયાદપક્ષે રજુ રાખવામાં આવેલા છે.

એવીડન્સ એકટની કલમ-૧૦૧ ધ્યાને લઈએ તો, ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે. આ કામે પ્રથમ પંચસાહેદોનો પુરાવો

ધ્યાને લઈએ તો,

(૭) **<u>પંચસાહેદોનો પુરાવો :–</u>**

આ કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૦૯ વાળા આરોપીને અટક કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ આંનદભાઈ ખીમાભાઈ સોંદરવાને આંક–૦૮ થી તથા પંચસાહેદ પારસ હેંમતભાઈ પરમારને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે આ બંને પંચસાહેદોએ પંચનામામાં તેઓની સહી હોવાનું જણાવેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ તૈયાર લખેલ પંચનામામાં સહી કરેલ હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષે તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ નથી તેમજ આંક–૧૧ વાળા પંચનામાની કોઈ હકીકત પુરવાર કરેલ નથી.

(૮) **<u>ફરીયાદી તથા ત.ક.અમલદારનો પુરાવો :–</u>**

(૮.૧) આ કામમાં ફરીયાદપક્ષે આ કામનાં ફરીયાદી મહેશભાઈ મેરામણ ભાઈ મુસારને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને જુબાની દરમ્યાન આંક–૧૨ થી અસલ ફરીયાદ રજુ રાખેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે તથા વાહનોની સતત અવર–જવર વાળો છે તથા પેટ્રોલીંગમાં ખાનગી વાહનમાં હતા તે તથા પેટ્રોલીંગમાં કેટલા વાગ્યે નીકળેલ અને કેટલા વાગ્યે બનાવ સ્થળે પહોંચેલ તે ફરીયાદમાં જણાવેલ નથી તથા બનાવ વખતે વાહનની ગતી માપવા સ્પીડગન હતી નહી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર ફરીયાદીએ ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

આમ, આ ફરીયાદીની ઉપરોકત જુબાની જોતાં તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના સમર્થન વિનાની એકલા આ સાહેદની જુબાની માનવી આ કોર્ટને ન્યાયના હિતમાં લાગતી નથી.

(૮.૨) આ કામે ફરીયાદપક્ષ તરફે ત.ક.અ., દીલીપસીંહ હેમંતસીંહ જાડેજાને આંક–૧૩ થી સોગંદ પર તપાસેલ છે અને તેઓએ તેમની સરતપાસમાં તેઓની તપાસની કાર્યવાહીને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને જુબાની દરમ્યાન આંક–૧૪ થી સેકશન ૬૩(૪) સી મુજબનું સર્ટીફીકેટ રજુ રાખેલ છે જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં ત.ક.અમલદારે **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** બનાવવાળો વિસ્તાર જાહેર અને લોકોની

અવર–જવર વાળો વિસ્તાર છે. આ કામે પોલીસ સાહેદો સિવાય બીજા કોઈ અન્ય સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.આ કામે લીધેલ સાહેદોના નિવેદનમાં પંચોના નામ દર્શાવેલ નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર સાહેદે ઉલટતપાસમાં નકારી કાઢેલ છે.

આમ, આ ત.ક.અમલદારની ઉપરોકત જુબાની જોતાં તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના સમર્થન વિનાની એકલા આ સાહેદની જુબાની માનવી આ કોર્ટને ન્યાયના હિતમાં લાગતી નથી.

(૯) આમ, આ કામે ઉપરોકત સાહેદો સિવાય બીજા કોઈ સાહેદને ફરીયાદપક્ષે તપાસેલ નથી અને ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો બંધ કરવાની મૌખિક વિનંતી કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરેલ છે.

(૧૦) હવે, ઉપરોકત ચર્ચેલ મૌખિક તથા લેખિત પુરાવાઓનું સંયુકત વિશ્લેષણ કરીએ તો આ કામમાં ફરીયાદીએ તેમની જુબાનીઓમાં ઉલટમાં બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને માણસોની અવર–જવર વાળો વિસ્તાર છે તેમ જણાવેલ છે તેમ છતાં આ કામમાં ત.ક.અમલદારે તપાસના કામે ત્યાંથી એટલે કે સ્થળ ઉપરથી કે આજુબાજુથી કોઈના નિવેદનો લીધેલ નથી કે તેઓને તપાસેલ નથી તેમજ ઉપર ચર્ચા કરી તે મુજબ બન્ને તટસ્થ અને સ્વતંત્ર પંચોએ ફરીયાદપક્ષના કેસને કે આંક–૦૯ વાળા પંચનામા ને બિલકુલ સમર્થન કરેલ નથી અને બન્ને પંચસાહેદોએ તેઓની જુબાનીઓમાં બનાવવાળી જગ્યાએ બોલાવ્યાની હકીકત કે બનાવવાળી જગ્યાએથી આરોપીની અટક કર્યાની હકીકતનો ઈન્કાર કરેલ છે અને તેથી તેમને ફરી ગયેલા જાહેર કરેલ છે અને તે રીતે કોઈ સ્વતંત્ર અને તટસ્થ સાહેદે ફરીયાદીની જુબાનીને કે ત.ક.અમલદાર ની જુબાનીને સમર્થન કરતો પુરાવો આપેલ નથી અને ત્યારે આરોપી સામેનો કેસ તટસ્થ અને સ્વતંત્ર પંચસાહેદો ના સમર્થનના અભાવે સાબિત કરી શકેલ નથી. તેમજ આ કામમાં ફરીયાદમાં પેટ્રોલીંગમાં કેટલા વાગ્યે નિકળેલા તે તથા બનાવવાળી જગ્યાએ કેટલા વાગે પહોંચેલા તે પણ ફરીયાદમાં કે ફરીયાદીની જુબાનીમાં કે ત.ક.અમલદાર ની જુબાનીમાં કયાંય જણાવેલ નથી અને ત્યારે આ તમામ હકીકતો ધ્યાને લેતાં તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટનો સ્ટેટ ઓફ ગુજરાત વિ. અબુ બકર ઉર્ફે અબુ ભાખર હાજી ઈસ્માઈલ હાજી સુલેમાનનો કેસ લો** જોતાં તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે

તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના સમર્થન વિનાની પોલીસ અધિકારીની જુબાની માનેલ નહીં અને ત્યારે આ કેસ લો તેમજ ઉપરોકત ચર્ચેલ તમામ હકીકતો ધ્યાને લેતાં ફરીયાદપક્ષે આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ નથી અને આરોપીએ ગુનો કરેલ છે કે નહીં તે અંગે કોર્ટના મનમાં જરા પણ શંકા ઉત્પન્ન થાય તો તેનો લાભ આરોપીને મળે તેમ આ કોર્ટ માને છે અને આમ, આ કામના આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને આ ગુનાના કામેથી શંકાનો લાભ આપી છોડી મુકવા ન્યાયના હિતમાં લાગે છે અને તેથી આ કામની ઉપરોકત વિગતવાર ચર્ચેલ તમામ હકીકતો જોતાં મુદા નં.–૦૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે.

**મુદા નંબર:–(૨).**

(૧૧) આ કામના મુદા નં.–૦૧ નો નિર્ણય ધ્યાને લેતાં તથા ઉપરોકત ચર્ચેલ તમામ હકીકતો ધ્યાને લેતાં આ કામમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

- આ કામનાં આરોપી ને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે બી.એન.એસ.એકટની કલમ – ૨૮૧ તથા એમ.વી. એકટની કલમ–૧૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- વધુમાં, આરોપીએ રજુ રાખેલ જામીનને બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અન્વયે છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૩જી, માહે–એપ્રીલ, સને–૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૦૩–૦૪–૨૦૨૬
સ્થળ : કુતિયાણા.

**(કલ્પેશ લક્ષ્મણભાઈ નાડીયા)**
(CODE No. GJ 01433)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
કુતિયાણા.